




બાવો નથી બ્રહ્મચારી, સન્યાસી કોઇએ કહ્યું નથી,
સ્નાન પછી એને, નિચોવવા જેવું કંઇ રહ્યું નથી,
હૈયું રાખ્યું ન હેતાળ, ઉઠે હાથ નાખી બગલમાં -
સત્તા-પદ-અભિમાન સિવાય કોઇને ચાહ્યું નથી..




ડહોળી નાખે,
ચૂંટણી-વાવાઝોડું,
જન-જીવન
('દબાણો' ની અસર)

પ્રેમ-વિરહ,
ને 'મૂલ્ય' પ્રેમિકાનું -
વાંઢો શું જાણે?
(- શશી થરૂર)

## ચિંતન

**ક્કચિદ્રુષ્ટઃ કચ્ચતુષ્ટો રૂષ્ટસ્તુષ્ટઃ ક્ષણે ક્ષણે ।**
**અવ્યવસ્થિત ચિત્તસ્ય પ્રસાદોઅપિ ભયંકરઃ ॥**

એવા લોકો હોય છે ક્ષણવારમાં રોષે ભરાઇ ગુસ્સે થઇ જાય, તો વળી ક્યારેક ક્ષણવારમાં ખૂશખૂશ-થઇ સંતુષ્ટ થઇ જાય, આવા ક્ષણ ભરમાં ક્રોધિત અને ક્ષણમાં રાજી થઇ જનારા તોરીલા અને અવ્યવસ્થિત ચિત્તવાળા માણસની પ્રસન્નતા પણ ભયંકર પરિણામ લાવનારી હોય છે

જે વ્યક્તિનો સ્વભાવ-પ્રકૃતિ સ્થિર ન હોય એવાનો વિશ્વાસ-સહચાર-મૈત્રી હંમેશાં જોખમી અને ચર્ચાસ્પદ રહે છે. એવા લોકોને અપ્સરંગી કે તરંગી કહી શકાય - મગજમાં કોણ-જાણે ક્યારે કેવો તરંગ આવે કે જે વાતમાં જરા પણ ગુસ્સે થવાનું કારણ પણ ન હોય છતાં એમનાં મગજનો પારો સાતમે આસમાને પહોંચી જાય, અને ઘર-પરિવાર-અને પોતાની આસપાસના સ્વજનોમાં ખળભળાટ મચાવી દે - જો સંયમથી સમજપૂર્વક ધીરજ ધરે કે મૌન રહે તો એવી કોઇ વાત કે વિવાદ એટલો ગંભીર નથી હોતો -

એ જ રીતે નજીવી વાતમાં ખૂશ-ખૂશાલ થઇ ન્યોછાવર થઇ જાય કે સામેવાળી વ્યક્તિ પણ એમના ઉમળકાથી ગભરાઇ જાય! આવા તરંગી માણસોનો ક્રોધ-આનંદ કે પ્રસન્નતા પણ જનસામાન્ય ને બિહામણી-ભયાનક લાગે છે.

## સુવિચાર

- જો તમે બીજાઓના દોષ જોવાનું ધ્યાનમાં રાખશો તો તમારા મનની શાંતિ તમે ચોક્કસ ગુમાવશો **- સ્વામી શિવાનંદ**
- જયાં ચિંતા હોય ત્યાં શાંતિ રહેતી નથી, અને જયાં શાંતિ ન હોય ત્યાં સુખ તો કયાંથી હોય? **- વેદ વ્યાસ**
- કોઇ નેતા, કોઇ સરકાર, કોઇ સેના શાંતિ લાવી નહીં શકે, શાંતિ અંતરના પરિવર્તનથી જ આવે છે **- જે. કૃષ્ણમૂર્તિ**
- કોઇ પણ ઊંચી કિંમતે શાંતિ ખરીદી શકાતી નથી **- ફ્રેંકલિન**
- જો સન્માન અને શાંતિ પૂર્વક ઘરમાં રહી ન શકતા હો તો એ ઘર નથી નરક જ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ધીરજ અને સહનશક્તિનાં વૃક્ષ પર જ શાંતિનાં ફળ બેસે છે **- શેખ સાદી**
- જેના હૃદયમાં શાંતિ નથી એ બહાર શાંતિ શોધવા નાહકની દોડધામ કરે છે- **પ્લુટાર્ક**

## બોધ કથા

આજકાલ ક્રિકેટ મેચોમાં 'ચિઅર્સ' ગ્રુપ બોલાવવામાં આવે છે એનો મુખ્ય હેતુ તો ટીમને પ્રોત્સાહન આપવાનો હશે. પણ સિધ્ધ થાય છે કે કેમ એની ખબર નથી. જે તે દેશના ગ્રાઉન્ડ પર રમાતી રમતમાં લગભગ સ્થાનિકોનું પ્રોત્સાહન કામ કરે છે. વિદ્યાર્થીઓની શાળાકીય રમતો પર 'જૂથ' ની અસર દેખાય છે. હકિકતમાં પ્રોત્સાહન-હકારાત્મક વિચારો ઘણી અસર કરે છે. બાળકને 'ઠોઠ' કહ્યા કરતી માતાઓ ઉમદા પરિણામી પુત્રો પામતી નથી.

એક ગણિત શાસ્ત્રીએ આ વાતની સાબિતી મેળવવા પોતાના એક ઉચ્ચી બૌધિક આંક ધરાવતાં વર્ગનાં બે સરખા ભાગ પાડ્યા.

એક જૂથને અલગ વર્ગમાં બેસાડી એક કૂટ પ્રશ્ન આપ્યો, અને કહ્યું આ ખૂબ જ અઘરો પ્રશ્ન છે. તમારા પંદરમાથી માંડ બે કે ત્રણ ને જ એનો સાચો જવાબ આવડશે. અને પરિણામ પણ એવું જ આવ્યું.

બીજા જૂથ બીજા ઓરડામાં બેસાડી કહ્યું. આ એક સરળ કૂટ પ્રશ્ન છે તમને તરત જવાબ મળશે. જલ્દી આનો જવાબ તૈયાર કરો. માંડ બે થી ત્રણ વિદ્યાર્થી જ કદાચ આનો સાચો જવાબ નહીં આપી શકે. અને પરિણામમાં પંદરમાંથી બે જ વિદ્યાર્થીની નજીવી ભૂલ જ નીકળી..

માનસિક તૈયારી, પ્રોત્સાહક, હકારાત્મક વિચાર માનસ પટ પર ખૂબ અસર કરે છે.

# આઓ ચલે એક નયી દુનિયા કી ઓર

**(ખાસ નોંધ : બંધ મગજ રાખીને આ લેખ વાંચવાથી મગજને નુકશાન થઈ શકે છે)**

### કોફી હાઉસ
**- ઉત્સવ પરમાર**

માણસમાંથી માણસ ખતમ થઇ જાય પછી શું બચે? જિંદગીમાંથી જીવનની બાદબાકી થઇ જાય તો શું બચે? આપણાં સમયમાં કેન્દ્રમાંથી વર્તમાન તૂટી ગયો છે - છે તો ભૂતકાળનાં અવશેષો - જેનાં ટુકડા ગોઠવી ગોઠવીને આપણે વાર્તાઓ ગાયા કરીએ છીએ અને બીજા છે તે ભવિષ્યનાં વાદળો - જે બસ વરસી નાખે તેવી પ્રતીક્ષા છે - પણ વર્તમાન ગાયબ છે. જીવન એક મેકેનિઝમ બની ચૂક્યું છે. પ્રાણહીન શરીરને તમે શું કહેશો? અને પ્રાણહીન જીવનને...??!!

જે હજી આપણે મુક્તિ કે મોક્ષ જેવી ફિલોસોફીકલ વાતો કરતા હોઇએ તો કયાંક કોઇ સાયકોલોજિકલ બંધન જરૂર હોવું જોઇએ.

એક માણસને હિન્દુ થવાનું શીખવી શકાય છે - એક માણસને મુસલમાન થવાનું શીખવી શકાય છે. માણસ કશું શીખીને નથી આવતો, તેને હંમેશા શીખવાડવું પડે છે. ફક્ત શ્વાસ લેવાનું, અવાજ કરવાનું, ચાલવાનું તે "બેઝિક ઇન્સ્ટીન્કટ" કે "જેનેટીક હેરિકેટ્રી" નાં લીધે શીખે છે પણ બાળકનાં કાનમાં કોણ કહી જાય છે કે તું આ છે કે તું પેલો છે? બધઉં જ આરોપિત છે - પ્રક્ષેપિત છે - પ્રોજેક્ટેડ છે; તેના મનમાં ઉમેરવામાં આવે છે. ઇન્ડીયન, અમેરિકન, ઓસ્ટ્રેલિયન, યોરપીયન, અફઘાની કે પાકિસ્તાની કે ઇરાની હોવું તે પણ ઉમેરવામાં આવે છે. શું કોઇ વૃક્ષને કદી ખબર હોય છે કે તે રશિયામાં ઊગ્યું છે કે યુરોપમાં? કોઇ પક્ષીને ખબર હોય છે કે તે એટલાન્ટી ઉપરથી ઉડે છે કે પેસેફિક ઉપરથી? કશ્મીરની સરહદો પર ઘાસ ચરતાં પશ્મિનાં ઘેટાંને ખબર છે કે સરહદની પેલી તરફ પાકિસ્તાન છે? પૃથ્વીની સેટેલાઇટ ઇમેજમાં તમે કોઇ એવી રેખાઓ જોઇ છે - જેને આપણે બોર્ડર કહીએ છીએ? આ તમામ વાતો શીખવાડેલી છે - કહેલી છે - ટ્રાન્સ પ્લાન્ટ કરેલી છે - જરૂરી નથી શિક્ષણનો આ સ્ત્રોત સ્કૂલ કે કોલેજ જ હોય પણ જયારે જયારે બાળકના મનમાં કુતૂહલ જાગે છે - જિજ્ઞાસા જાગે છે ત્યારે જ તેની આસપાસ એક સ્કૂલ ઊભી થઇ જાય છે - શીખવાની - જાણી લેવાની - આત્મસાત્ કરવાની વૃત્તિ જાગી ઉઠે છે અને સંભવત્: તેના મનમાં ઊઠેલાં સવાલોનાં પ્રારંભિક જવાબો જ તેનાં માઇન્ડનું કન્સ્ટ્રકશન કરે છે - બિલીફ કે માન્યતાઓ પેદા કરે છે - સનાતન સત્ય કે ઇટર્નલ ટ્રુથ જેવી સંકલ્પના ઊભી કરી નાખે છે અને તેના આધારે જ તેનાં દરેક અનુભવ પોતાનું ટ્રાન્સપ્લાન્ટેડ લોજીક અપ્લાય થાય છે - એટલે જ તો બચપનમાં હિન્દુ - મુસલમાન - જૈન - ખ્રિસ્તી બની ગયેલો માણસ મોટો થઇને તેમાંથી છૂટતો નથી - નાનપણમાં જ ભારતીય - પાકિસ્તાની, ઇરાની કે અમેરિકન બની ચૂકેલો માણસ વૈશ્વિકતાને સમજી શકતો નથી!! પૃથ્વી પર થયેલાં તમામ યુદ્ધોનાં મૂળભૂત કારણ તમે વિચાર્યા છે કદી?? યુદ્ધ એ બહાદુરી કે મૂર્ખામી?? મિસાઇલોથી કયાં માણસનો વિકાસ થાય છે? તોફાનોમાં કયા ધર્મનું સંરક્ષણ થાય છે? શું આ વિરોધાભાસો જ વાસ્તવિકતા છે? મનમાં સવાલો ન ઉઠે તો સમજવું આત્મા બિમાર છે.

**ઘણીવાર વાંચ્યુ હશે કે સાંભળ્યું હશે - માણસ માટે ધર્મ છે - ધર્મ માટે માણસ નહીં, તો શું ધર્મકથિત ઇશ્વર એ આપણા મનની ઉપજ છે**

ભેદભાવ વિનાનો સમાજ કેવો હશે!? દુનિયામાં ગમે ત્યાં ફરવા વિઝા ન લેવા પડે ત્યારે સમજવું દુનિયા એક થવા માંડી છે. જયારે માણસમાંથી માણસનો ડર જતો રહેશે ત્યારે માનવું કે યુધ્ધ, ખૂન કે ચોરી જેવી ઘટનાઓ નામશેષ થઇ જશે. પણ માણસોને સમાન તળ પર લાવવા - એક કરવા - તેમની વચ્ચેની તમામ ભેદરેખાઓ - વિભાજન રેખાઓ - ડિવિઝન લાઇન્સ તોડવી પડશે. રાષ્ટ્રીયતા પ્રાપ્ત કરવા પ્રાદેશિકતા મિટાવવી પડશે અને વૈશ્વિકતાનો અનુભવ કરવા રાષ્ટ્રીયતા છોડવી પડશે. એક જ ધર્મનાં છીએ તેવો અનુભવ કરવા જાતિઓ - જ્ઞાતિઓ ભૂંસવી પડશે અને હજી વધું સમાન છીએ તો સમજવાં ધર્મોને તોડવા પડશે. માણસનાં વિભાજનનાં સૂક્ષ્મતમ અને સ્થૂળતમ બાહ્ય તત્ત્વો - એક્ટર્નલ ફેક્ટર્સ ધર્મ અને રાજ્ય છે. જયારે ઇન્ટરર્નલ કે આંતરીક તત્ત્વો રાગ અને દ્વેષ છે. વિભાજનનાં આ આધાર તોડી નાખો - અસમાનતા આપોઆપ મટી જશે. નિરાંતે એકાંતમાં વિચારજો - આ ચર્ચાનો નહીં, ચિંતનનો મુદ્દો છે. પણ શું આ શક્ય ખરૂં? શું રાષ્ટ્રપ્રેમ ગુનો છે - શું ધાર્મિક આસ્થા અપરાધ છે? ના - થી પરંતુ તેમાં આધાર પર વિભાજન કરવું - ભેદભાવ કરવો - ડિસ્ક્રીમિલાઇઝેશન કરવું - અસમાનતા પેદા કરવી - એ માનવતા સામે અપરાધ છે - એક વિશ્વાસઘાત છે.

ખરેખર તો જે કોઇ પણ દુશ્મની છે - ઝઘડા છે એ સિયાસતદારોનાં છે - ઇટ ઇઝ અ પોલિટિકલ કોન્ફલિક્ટ, નોટ હ્યુમન! આદિથી માંડી અંત સુધી આ માત્ર રાજકારણથી રમત જ રહેવાની છે. અમદાવાદ કે અલાહાબાદમાં રહેતા કોઇ માણસે શા માટે કરાંચી કે લાહોરમાં રહેતાં અજાણ્યા માણસને નફરત કરવી જોઇએ? વઝિરિસ્તાન કે ઉત્તરી પાકિસ્તાનમાં જન્મેલાં માણસે શા માટે ભારતીય વિરૂધ્ધ બોલવું? જો ભારત કે પાકિસ્તાનનાં લેબલ આપણે હટાવી દઇએ તો...!!

ઘણીવાર વાંચ્યુ હશે કે સાંભળ્યું હશે - માણસ માટે ધર્મ છે - ધર્મ માટે માણસ નહીં. તો શું ધર્મકથિત ઇશ્વર એ આપણા મનની ઉપજ છે - અ પ્રોજેક્શન ઓફ માઇન્ડ? શું તોફાનોમાં મંદિરો તોડી પાડવાથી કોઇ અલ્લાહ ખુશ થતો હશે? શું ઇસ્લામ વિરૂધ્ધ પ્રચારોનાં સમાચારમાં ભગવાનને આનંદ મળતો હશે? આખરે ઇશ્વર છે કોણ? કયાં બેઠો છે? લોકો કહે છે - શાસ્ત્રો કહે છે તેમ તેને ક્રોધ આવે છે - ગુસ્સે પણ થાય છે. તો શું ગુસ્સો કે ક્રોધ એ માનવીય પ્રતિક્રિયા - અ હ્યુમન રિએકશન કે પછી ઇશ્વરીય પ્રક્રિયા - અ હ્યુમન એકશન!! કદાચ આપણે આપણાં ગુસ્સાનો ભાવ - ઇમોશનલ ઓફ એંગર આપણા ઇશ્વરમાં પણ ટ્રાન્સપ્લાન્ટ કરી દીધો. એક તરફ ઇશ્વર સંપૂર્ણ છે, તો બીજી તરફ આપણે જ તેને અપૂર્ણ કે અધૂરો બનાવી નાખ્યો. તેને મંદિર - મસ્જિદ - અગિયારી - ગુરૂદ્વારામાં પુરી નાખ્યો - તેની પણ સીમાઓ બનાવી નાખી - ભગવાન મંદિરમાં છે તો સારૂં - રાત્રે બિયર બારમાં ના આવી શકે - ભગવાન સૂઇ પણ જાય છે - ખાય પણ છે - વગેરે વગેરે - આ ઇશ્વરનું હ્યુમન પ્રોજેક્ટશન છે - આજ સુધી માણસે ઇશ્વરનો પોતાનાં કન્વિનિયન્સ મુજબ વાપર્યો છે - ઉપયોગ કર્યો છે. આ ગોળી કડવી છે પણ ઇલાજ માટે એકવાર ચાર ગ્લાસ પાણી સાથે ગળવી તો પડશે જ!!

આ તમામ સમસ્યાનો કોઇ ઉકેલ ખરો? હા... બધું જ તોડવું પડશે - વિધ્વંસની એક આખી પ્રક્રિયાની જરૂર છે - નવી બિલ્ડિંગ બનાવવા જૂની ઇમારત તોડવી જ પડશે. તોડવી જરૂરી છે. કેમ કે, જો નવી જમીન પર - નવી જગ્યા પર બિલ્ડિંગ બની તો એ બિલ્ડિંગ પણ એક સ્પર્ધામાં શામેલ થઇ જશે અને એ વળી પાછી નવી સમસ્યા!! એટલે જ ડિસ્ટ્રકશન ફોર કન્સ્ટ્રકશન!! સર્જન માટે વિસર્જન! વિધ્વંસ જ એક માત્ર રસ્તો છે, જે સમાનુભૂતિ (સહાનુભૂતિ નહીં) પેદા કરી શકે છે - જેની જરૂર છે.

ધર્મ કે રાજ્યનાં પાંજરામાં પૂરાયેલાં માણસ પોતાનાં અસ્તિત્વને શોધી શકશે ખરો? પાંજરામાં પૂરાયેલાં સિંહ અને જંગલમાં ફરતાં સિંહ વચ્ચે શો તફાવત? પાંજરાનો સિંહ પાંજરાને હકીકત માને છે, જયારે જંગલનો સિંહ સ્વયંને - પોતાને હકીકત માને છે - અબ આઇ બાત સમજ મે? જિંદગીનાં સમંદરને તમે કઇ રીતે બોટલમાં કેદ કરશો? અસ્તિત્વનાં ફૂલોને કઇ ફેક્ટરીમાં પેદા કરશો?


આ તમામ આદર્શવાદી કે ફિલોસોફિકલ કલ્પનાઓ છે - જે મુશ્કેલ છે પણ અસંભવ નહીં - મુશ્કેલ એટલા માટે કે આપણું માઇન્ડ - ટ્રેઇન્ડ માઇન્ડ છે. મુશ્કેલ એટલાં માટે કે આપણું માઇન્ડ - પરતોવાળું લેયર્ડ માઇન્ડ છે - મુશ્કેલ એટલા માટે કેમ કે, આપણું માઇન્ડ - કન્ડિશન્ડ માઇન્ડ છે - કન્ફ્યુઝ્ડ માઇન્ડ છે - સરપ્રેરસ્ક માઇન્ડ છે - પ્રેજ્યુડાઇશ્ટ માઇન્ડ છે - મુશ્કેલ એટલા માટે કેમ કે હજી બિમારી જ પકડમાં નથી આવી. રોગ પકડાયા વિના ઉપચાર શક્ય ખરો?

તો પણ ચાલો એક એવી દુનિયા બનાવીએ જેનાં આંસુ ખતમ થઇ ગયાં હોય, એવી દુનિયા જેનાં ભેદ મટી ગયા હોય - જયાં સરહદો ન હોય - જયાં સહજતા હોય - તોફાન પછીની શાંતિ હોય - ગીત હોય - સંગીત હોય - રિધમ હોય - જયાં જીવન એક ઉત્સવ હોય!! માણસમાં માણસ ઉમેરવાનો છે - જીવનમાં જીવન ઉમેરવાનું છે - યે લો, માચિસ, ફૂંક ડાલો સબ કુલ - ચલો અબ સબ કુછ નયા બનાતે હૈ...!!

અને છેલ્લે મહાન ફ્રેન્ચ વિચારક સાર્ત્રનો અદ્ભૂત સવાલ -
"શું ઇશ્વર વિનાની દુનિયાની જવાબદારી માણસ ઉપાડી શકશે?"
ઇતિ સિધ્ધમ્

-ch9723367647@yahoo.com

# જામનગરનો લાખોટા મહેલ કયા તળાવ પર આવેલો છે?




**વિષય : ગુજરાતનો વારસો**

(૧) કયું સ્થળ ગાંધીજી સાથે સંકળાયેલ નથી?
(અ) અક્ષરધામ (બ) કોચરબ ગામ
(ક) હૃદયકુંજ (ડ) ગુજરાત વિદ્યાપીઠ
(૨) અમદાવાદને 'ધૂળિયું શહેર' તરીકે કોણ ઓળખાવ્યું હતું?
(અ) અકબર (બ) હુમાયુ (ક) શાહજહાં (ડ) જહાંગીર
(૩) કયો ડુંગર 'દાદા ગોરખનાથની તપોભૂમિ' તરીકે ઓળખાય છે?
(અ) બરડો (બ) ધીણોધર (ક) ભૂજિયો (ડ) ગિરનાર
(૪) ગુજરાતી આખ્યાનનો પિતા કોણ ગણાય છે?
(અ) પ્રેમાનંદ (બ) શામળ (ક) ભાલણ (ડ) નરસિંહ મહેતા
(૫) સરદાર સ્વરાજ આશ્રમ કયાં આવેલો છે?
(અ) કરમસદ (બ) ખેડા (ક) સોનગઢ (ડ) બારડોલી
(૬) જામનગરનો લાખોટા મહેલ કયા તળાવ પર આવેલો છે?
(અ) તેલિયા (બ) શર્મિષ્ટા (ક) રણમલ તળાવ (ડ) કર્માબાઈ તળાવ
(૭) પરીક્ષિત મજુમદાર કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે?
(અ) સાહિત્ય (બ) ચિત્રકલા (ક) સમાજસેવા (ડ) ઉદ્યોગ
(૮) ગુપ્તયુગ દરમિયાન ગુજરાતમાં કયા ધર્મનો પ્રચાર થયો હતો?
(અ) બૌધ્ધ (બ) જૈન (ક) શૈવ (ડ) વૈષ્ણવ
(૯) 'જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણ પ્રભાત' - કોની કૃતિ છે?
(અ) ઉમાશંકર જોશી (બ) નર્મદ
(ક) દયારામ (ડ) નરસિંહરાવ દિવેટિયા
(૧૦) ગુજરાતમાં નક્ષત્ર સિક્કા કયા મોગલ બાદશાહે પડાવ્યા હતા?
(અ) જહાંગીર (બ) હુમાયુ (ક) અકબર (ડ) બાબર
(૧૧) મીરાંદાતારનું સ્થાનક કયાં આવેલું છે?
(અ) ઉનાવા (બ) ભરૂચ (ક) જૂનાગઢ (ડ) હાજીપુર
(૧૨) ન્યૂયોર્ક સ્થિત ગાંધીજીનું બાવલું બનાવનાર ગુજરાતી શિલ્પી કોણ છે?
(અ) બાલકૃષ્ણ દોષી (બ) કાન્તિભાઈ પટેલ
(ક) સોમલાલ શાહ (ડ) મહેન્દ્ર પંડ્યા
(૧૩) વૃંદાવન ફિલ્મ સ્ટુડિયો કયાં આવેલો છે?
(અ) રાજપીપળા (બ) હાલોલ (ક) ઉમરગામ (ડ) વડોદરા
(૧૪) ગુજરાતની એક માત્ર 'વર્લ્ડ હેરિટેઝ સાઈટ' કઈ છે?
(અ) સોમનાથ (બ) મોઢેરા (ક) ચાંપાનેર (ડ) પાલીતાણા
(૧૫) ભારતના બિસ્માર્ક તરીકે કોણ ઓળખાય છે?
(અ) ગાંધીજી (બ) વિઠ્ઠલભાઈ પટેલ
(ક) સરદાર પટેલ (ડ) મોરારજી દેસાઈ

**● વિવિધા ●**

**વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ : નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ**

- વર્ગીઝ કુરિયન **(ડેરીવિજ્ઞાન) : શ્વેતક્રાંતિના સર્જક**
- વલ્લભભાઈ પટેલ **(રાજકારણ) : અખંડ ભારતનાં શિલ્પી**
- વસ્તુપાળ - તેજપાળ **(શાસન) : સમર્થ ગુર્જરમંત્રીઓ**
- વાસુદેવ મહેતા **(પત્રકારત્વ) : ચિંતક અને પત્રકાર**
- વિક્રમ સારાભાઈ **(વિજ્ઞાન) : અવકાશ અને પરમાણુ વિજ્ઞાનનાં અગ્રેસર**
- વિજય ભટ્ટ : **(ચલચિત્ર) : ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક**
- વિજય હઝારે **(રમતગમત) : ક્રિકેટર**
- વિઠ્ઠલભાઈ પટેલ **(રાજકારણ) : કેન્દ્રીય ધારાસભાનાં પ્રથમ અધ્યક્ષ**
- વિઠ્ઠલદાસ ઠાકરસી **(શિક્ષણ) : પ્રથમ મહિલા યુનિ.ના સ્થાપક**
- વિદ્યાગીરી નિલકંઠ **(શિક્ષણ અને સમાજસેવા) : ગુજરાતના પ્રથમ મહિલા ગ્રેજ્યુએટ**
- વિનુ માંકડ **(રમત-ગમત) : વિખ્યાત ક્રિકેટર**
- વૈકુંઠ રાય મહેતા **(સમાજસેવા) : સહકારી આંદોલનના પ્રવર્તક**

**● ગયા સપ્તાહનો સવાલ...?**

સવાલ - રૉબર્ટ વાઢેરા પર કંઈ કંપનીને આર્થિક રીતે મોટો ફાયદો કરાવ્યાનો આક્ષેપ છે?
જવાબ - ડી.એલ.એફ

**● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ગોમતીબેન કે. પરમાર - ૧૭૫૭/૨, સે-૨ડી
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૪) જયેન્દ્રભાઈ પાઠક : ઈન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ
(૫) મહેશભાઈ જાદવ : સે-૩૦

**● પૂછું એક સવાલ...?**

(૧) કાવ્યા શાહ : સે-૮થી
પ્રશ્ન - ગાઈડેડ મિસાઈલની શોધ કયારે થઈ?
જવાબ - ૧૯૬૬
(૨) ધ્રુવ એમ. પટેલ : સે-૨૬થી
પ્રશ્ન - પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ કયા દેશના રોકેટ દ્વારા મોકલવામાં આવ્યો હતો?
જવાબ - ઈ. સ. ૧૯૭૫ માં રશિયાના યાન દ્વારા
(૩) લમ્હા આર. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - ભારતનું પ્રથમ જળવિદ્યુત મથક કયું?
જવાબ - શિવસમુદ્રમ, કર્ણાટક
(૪) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - પ્રથમ ટેલીવિઝન કાર્યક્રમ કયારે પ્રસારિત થયો હતો?
જવાબ - ઈ. સ. ૧૯૫૯ માં દિલ્હીમાં
(૫) નિનાદ પી. ઠક્કર : સે-૪થી
પ્રશ્ન - સૌથી વધુ ટાઈપની ઝડપનો રેકોર્ડ કોના નામે છે?
જવાબ - અભિષેક જૈન, મિનીટમાં ૧૧૦ શબ્દો

**● આ સપ્તાહનો સવાલ...?**

**ભારતના હાલનાં ચૂંટણી કમિશ્નર કોણ છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર**

**● સાચા જવાબો :-**

[illegible]


# એક સલામ મલાલા યેસુફસાઇને !

### યુથ કેમ્પસ
**- ધ્વનિલ પારેખ**

થોડા વખત પહેલાં મોટા ભાગનાં અખબારમાં પહેલાં પાનાં પર એક ફોટો છપાયો હતો. એક ચૌદ વર્ષની તરૂણી લંડનની હોસ્પિટલમાં સારવાર લઇ રહી છે અને એ જે જુલમનો ભોગ બની છે એની પીડા સહન કરી રહી હતી. પીડા હોવા છતાં એ તરૂણીનાં ચહેરા પરનું તેજ અકબંધ હતું. તમને ખ્યાલ આવી ગયો હશે કે હું કોના વિશે વાત કરૂં છું તે! આ તરૂણીને મલાલા યેસુફસાઇ. મલાલાનો અર્થ જ આમ તો દુઃખિયારી થાય છે પણ આ તરૂણીને ચૌદ વર્ષની ઉંમરે જે ક્રાંતિકારી કાર્ય કર્યું છે એને તો સલામ જ મારવી પડે એમ છે!

પાકિસ્તાનની આ તરૂણીએ પોતાના શિક્ષણ મેળવવાના હક્ક સામે ક્રૂર તાલીબાનો સામે બંડ પોકાર્યું હતું અને તાલીબાની હિંસાનો ભોગ બની. એના પર જીવલેણ હુમલો થયો પણ 'રામ રાખે તેને કોણ ચાખે' અનુસાર એ આજે લંડનની હોસ્પિટલમાં જીવંત છે. મલાલાને પોતાની શાળા અને શિક્ષણ પ્રત્યે અત્યંત પ્રેમ છે. એના પિતા પણ ક્રાંતિકારી છે અને સતત અન્યાય સામે અવાજ ઉઠાવતા રહે છે. તાલીબાનો અને અન્ય ક્રૂર આતંકવાદનો મલાલાના પિતાએ પણ અનેક વખત સામનો કર્યો છે. પિતાની ક્રાંતિકારી પ્રવૃત્તિને કારણે સતત રઝળપાટ કરવો પડતો. આ રઝળપાટને કારણે એક ગામથી બીજે ગામ જવું પડતું. મલાલાને ગામ છોડવાનું દુઃખ નહોતું થતું પણ પોતાની નિશાળ છોડવી પડતી ત્યારે એની આંખમાંથી આંસુ નીકળી આવતા. એના પર હુમલો થયો ત્યારે પણ એ સ્કૂલ બસમાં હતી. શિક્ષણ પ્રત્યેનો લગાવ એને જીવાડી ગયો.

મલાલા યેસુફસાઇએ ક્રૂર તાલીબાનો સામે અવાજ ઉઠાવ્યો. એક રૂઢિચુસ્ત કોમની કોઇ સ્ત્રી આ રીતે અવાજ ઉઠાવે અને એ ક્રૂરતાનો ભોગ ન બને એવું તો બને જ કઇ રીતે? મલાલા પણ ક્રૂરતાનો ભોગ બની પણ એના પર જે અત્યાચાર થયો એ પ્રત્યે આખા વિશ્વનું ધ્યાન ખેચાયું અને તાલીબાની કૃત્યને વખોડવામાં આવ્યું! (કૃત્યને વખોડી નાખવાથી વિશેષ આપણે કેમ કશું કરતા નથી?) વિશ્વ આખાની સહાનુભૂતિ હવે મલાલા અને એનાં કુટુંબીજનો પ્રત્યે હતી.




આ આખીયે ઘટનામાં મહત્વનો મુદ્દો એ છે કે કન્યા કેળવણી મળે એ માટે મલાલાએ પ્રતિરોધ કર્યો હતો. આપણા દેશમાં હજી પણ કન્યા કેળવણી માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. સ્ત્રીને ઘરની ચાર દિવાલો વચ્ચનો એક પદાર્થ માનીને કેદ કરવામાં આવે છે. ઘુંઘટ પ્રથા કે પડદા પ્રથાને કારણે સ્ત્રી હજી પણ કોઇ બીજા વિશ્વમાં જ જીવતી હોય એવું લાગે છે. શિક્ષણ મળે કે ન મળે જાણે કંઇ મોટો ફેર પડવાનો ન હોય એમ એના પ્રત્યે ઉદાસીનતા સેવવામાં આવે છે. સ્ત્રી પોતે પણ જાણે એ જ એની નિયતિ હોય એમ સ્વીકારી લેવામાં ડહાપણ સમજે છે. ટૂંકમાં, શિક્ષણ પ્રત્યેનું વલણ ન સમજાય એવું છે. એક બાજુ ઉચ્ચ શિક્ષણની અનેક સંસ્થાઓ કીડીના દરની જેમ ફુલતી જ રહે છે અને બીજી બાજુ શિક્ષણ પ્રત્યે ઓરમાયું વર્તન પણ રાખવામાં આવે છે. શિક્ષણ પ્રત્યેનું ઓરમાયું વર્તન માત્ર વ્યક્તિગત મુદ્દો જ છે એવું નથી, સરકાર તરફથી અને ખાસ કરીને કેન્દ્ર સરકાર તરફથી પણ એવું વલણ જોવા મળે છે. અંદાજપત્રમાં શિક્ષણ માટે કેટલાં ટકા નાણાં ફાળવવામાં આવે છે, એનો અભ્યાસ કરીએ તો પણ આ બાબતનો ખ્યાલ આવે એમ છે, કે શિક્ષણ આપણા માટે કેટલું મહત્ત્વનું છે!

આપણા દેશમાં અને વિશ્વમાં મોટા ભાગનાં દેશમાં શિક્ષણની સ્થિતિ આવી છે ત્યારે શૈક્ષણિક જાગૃતિ સંદર્ભે ખરેખર મલાલા યુસુફસાઇએ ક્રાંતિકારી પગલું ભર્યું છે, મલાલા યેસુફસાઇને સલામ!

### આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨જી નવેમ્બર**



- કલકત્તાના તબીબી - વિજ્ઞાન વિકાસ મંડળના સ્થાપક અને હિન્દમાં પ્રથમવાર વિજ્ઞાન શિક્ષણનો ખ્યાલ લોકપ્રિય કરનારા ડો. એમ લાલ સરકારની જન્મજયંતિ - ૨-૧૧-૧૮૩૩.
- જીવન ચરિત્રોના લેખક શ્રી ઇશ્વરભાઇ પટેલનો જન્મ - ૧૯૧૪. પ્રવાસ, કેળવણી, જીવનચરિત્રો લખનારા ઇશ્વરભાઇએ રાજ્યની અનેક યુનિવર્સિટીઓમાં કુલપતિપદે સેવાઓ આપી.
- ૧૯૬૦ - જલતરંગ વાદક, સંગીતકાર, ફિલોસોફર રઝાક હુસેનખાં પ્રચારખાંનું અવસાન.
- ૧૭૮૦ - રણજિતસિંહ બહાદુર મહાસિંહ શીખ લોકોને બળવાન - તેજસ્વી બનાવનારનો જન્મ.